Received on : 25-02-2026
Registered on : 25-02-2026
Decided on : 12-03-2026
Duration : Y M D
- - 15

## જૂનાગઢના મે. છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ.

**ફોજદારી પરચુ.અરજી નં. ૧૫૫/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** ઉમેશભાઈ ઉર્ફે ભગી કાળાભાઈ બામરોટીયા,
ઉ.વ.૨૩ આ., ધંધો–ખેતીકામ,
રહે.આંબળાસા, તા.તાલાળા,
જી.ગીર સોમનાથ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ–૩૦૮(૫) ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ (એન)(એસ), ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ ૪૦(એ), ૪૨(એ), ૪૨(ડી), ૪૨(ઈ)(એન)(એસ) મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ બી–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૮૩૩/ ૨૫

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી કે.એચ.ધામાણી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન. કે. પુરોહીત

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૮૩૩/ ૨૫, બી.એન.એસ.ની કલમ-૩૦૮(૫) ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ (એન)(એસ), ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ ૪૦(એ), ૪૨(એ), ૪૨(ડી), ૪૨(ઈ)(એન)(એસ) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૭ થી તપાસ કરનાર અમલદાર જે.જે.પટેલ, પોલીસ સબ ઈન્સ. જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન,જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી કે.એચ.ધામાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામે જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧ ૨૦૩૦૨૪૨૫૦૮૩૩/ ૨૫, બી.એન.એસ.ની કલમ-૩૦૮(૫) ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ (એન)(એસ), ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ ૪૦(એ), ૪૨(એ), ૪૨(ડી), ૪૨(ઈ)(એન)(એસ) મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. હાલના કામે અરજદાર/આરોપી સામે કોઈ પ્રાઈમાફેસી કેસ બનતો નથી. વધુમાં હાલના કામના ગુનાની એફ.આઈ.આર.ધ્યાને લેતા બનાવ તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ

બનેલ છે. જયારે ફરીયાદ તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે. આમ, ૧૦ મહિના બાદ ફરીયાદ આપેલ છે. વધુમાં હાલના કામની ફરીયાદ ધ્યાને લેતા ફરીયાદ આરોપી સંજયભાઈ રામશીભાઈ અડતરીયા સામે આક્ષેપ રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, એફ.આઈ.આર.ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપી પૈસા આપવા માટે ધમકી આપતા હોવાનો આક્ષેપ કરેલ છે. તેમજ ફરીયાદીએ તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ હાલના કામના અરજદાર/આરોપીને રૂા.૭ લાખ ચુકવેલ અને તેઓના આંબળાસ ગામે આવેલ મકાનનો સાટા ખત કેન્સલ કરાવેલ હતો. આમ, સાટા ખત કરવામાં આવેલ તે પણ કેન્સલ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદ મુજબ હાલના કામના અરજદાર/આરોપી ફોન ઉપર જેમફાવે તેમ ગાળો બોલતા હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ કોઈ મિલકત પડાવી લીધેલ નથી કે ગાડી લઈ લીધેલ નથી કે ....લીધેલ નથી. વધુમાં અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદાદમાલ કબજે કરેલ નથી. વધેમાં અરજદાર/આરોપીએ કોઈ મિલકત પડાવી લીધેલ હોય તેવો કેસ નથી. આમ, અરજદાર/આરોપી સામે ફકત ફોન ઉપર ગાળો આપેલ હોય તેવો આક્ષેપ રહેલ છે. વધુમાં હાલના કામનું ચાર્જશીટ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી ઉપર કુટુંબની જવાબદારી રહેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપી પોતાનું નિવેદન આપવા ગયેલ હતા અને તે વખતે તેઓની ધરપકડ કરવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપી નાસતા ભાગતા ન હતા. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટમાં અગાઉ જામીન અરજી કરેલ હતી જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જામીન અરજી કરેલ હતી તે ચાર્જશીટ થયા બાદ વીડ્રો કરવામાં આવેલ હતી. હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના રહેવાસી છે. કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. વધુમાં હાલના કામના

અરજદાર/આરોપીની ગુનામાં કોઈ સંડોવણી ફલીત થતી નથી. આમ, હાલના કામના અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ. પી.પી. શ્રી એન.કે. પુરોહીત નાઓએ જમીન અરજી લગત વાંધો હોવાની જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ ફો.પ.અ.નં.૭૨૮/૨૦૨૫ તથા ફો.પ.અ.નં. ૮૭૫/૨૦૨૫ થી જામીન અરજી કરેલ હતી જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. આમ, ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી જે.જે.પટેલ, પોલીસ સબ ઈન્સ.બી–ડીવીઝન પોલીસ સ્ટેશન, જૂનાગઢનાઓનું આંક–૦૭ નું સોગંદનામું તથા રજુ રેકર્ડ ધ્યાને લીધા. વધુમાં જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાઓની ચર્ચા કરવાની રહેતી નથી તેમજ જામીન અરજી નકકી કરતી વખતે જામીન એ રૂલ અને જેલ એ અપવાદ છે તેવા સિધ્ધાંત ઉપર જામીન અરજીનો નિર્ણય લેવાનો રહે છે. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના ફરીયાદીએ આરોપી નં.૧ પાસેથી રૂા.૪,૦૦,૦૦૦/– ત્રીસ ટકાના વ્યાજે તથા રૂા.૭,૫૦,૦૦૦/– રોજના રૂા.૪૫,૦૦૦/– વ્યાજ લેખે લીધેલ હોય અને આરોપી નં.૧ ને ફરીયાદ તથા સાહેદ પારસભાઈ બંનેએ રૂા.૧૨,૦૦,૦૦૦/– જેટલુ વ્યાજ ચુકવી આપેલ તેમ છતાં આરોપી નં.૧ એ ફરીયાદી તથા સાહેદ પારસભાઈને ડરાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ફરીયાદી પાસેથી સહીઓ વાળા ચાર કોરા ચેક મેળવી તથા સાહેદ પારસભાઈના મકાનનું સાટાખત કરાવી ત્યારબાદ કેન્સલ કરાવી તેની અવેજમાં તેઓની થાનીચાણા ગામની જમીનનું સાટાખત કરાવી અને તે બાદ

વ્યાજના રૂા.૪૭,૦૦,૦૦૦/- ની માંગણી કરી અને ફરીયાદીની થાનીયાણી ગામની ૧૦ વીઘા જમીનનો દસ્તાવેજ કરાવી મેળવી લઈ અને ફરીયાદી તથા સાહેદ પાસે વધુ વ્યાજની માંગણી કરી અને આરોપી નં.૧ એ આરોપી નં.૨ પાસેથી રૂા.૪,૫૦,૦૦૦/- મેળવેલ છે તેમ કહી આરોપી નં.૨ એ ફરીયાદીનું આંબળોસ ગામે આવેલ મકાનનું પોતાના બાપુજીના નામે સાટાખત કરાવી લઈ અને બાદમાં હાલના અરજદાર/આરોપી ઉમેશભાઈ ઉર્ફે ભગી કાળાભાઈએ પણ ફરીયાદી પાસેથી રૂા.૭,૦૦,૦૦૦/- ની પઠાણી ઉઘરાણી કરી આ રકમ મેળવી લઈ અને સાહેદ પારસભાઈએ આરોપી નં.૨ પાસેથી રૂા.૭,૦૦,૦૦૦/- વ્યાજે લીધેલ અને રૂા.૨૫,૦૦૦/- ચુકવેલ હોય જે રકમનું ત્રણ ગણું વ્યાજ ચુકવવાનું કહી બળજબરીથી ઉઘરાણી કરી અને આરોપી નં.૧ એ ફરીયાદીની જીપ કમ્પાસ કાર રજી.નં.૦૬.એલ.ઈ.૬૬૭૮ ની કિં.રૂા.૯,૦૦,૦૦૦/- ની તથા બે લેપટોપ કિં.રૂા.૪૫,૦૦૦/- ની જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી કઢાવી લઈ જઈ અને તમામ રકમ ચુકવી દીધેલ છે તેમ છતાં આરોપી નં.૧ તથા ૨ એ સતત ફોન કરી અને જેમફાવે ભુંડીગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હજુ પણ વ્યાજના વધુ રૂપિયાની માંગણી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) હાલના કામનું રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૭૨૮/૨૦૨૫ થી આગોતરા જામીન અરજી કરેલ હતી જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ હતી. ત્યારબાદ અત્રેની કોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા ફો.પ.અ.નં. ૮૭૫/૨૦૨૫ થી જામીન અરજી કરેલ હતી જે પણ નામંજુર કરવામાં આવેલ હતી. તેમજ અરજદાર/આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફો.પ.અ.નં.૧૦૮૭/૨૦૨૬ થી જામીન અરજી કરેલ હતી જે વીડ્રો કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને તેના ફોજદારી કેસ નં.૩૯૧/૨૦૨૬

રહેલ છે. વધુમાં નામદાર ઉચ્ચ કોર્ટે આપેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને પ્રિ–ટ્રાયલ–કન્વીકશન ન થાય તે પણ ધ્યાને લેવાનું રહે છે. હાલના કામના અરજદાર/આરોપી તા.૧૯/૧૨/૨૦૨૫ થી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. વધુમાં આ કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે જેથી બચાવપક્ષે ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા રહેલ ન હોવાની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં આ કામેના ગુનો ધ્યાને લેતા મેજીસ્ટ્રટ ટ્રાયલ રહેલ છે. તેમજ આ કામે ટ્રાયલ ચાલતા સમય જાય તે હકીકત નકારી શકાય તેમ નથી. વધુમાં આ કામે અગાઉ જામીન નામંજુર કરવામાં આવેલ તે વખતે ગુનાની તપાસ ચાલુ હોવાનું કારણ પણ ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવામાં આવેલ હતી. જો કે, હાલના કામે તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે તેમજ તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ ગુનાની તપાસ ચાલુ ન હોવાની હકીકત સોગંદનામામાં રજુ કરેલ છે. વધુમાં હાલના કામના ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તે હકીકત નકારી શકાય તેમ નથી. તેમજ હાલના કામના અરજદાર/આરોપી ગીર સોમનાથ જીલ્લાના તાલાળા તાલુકાના રહેવાસી છે જેથી અરજદાર/આરોપી નાસી કે ભાગી જાય તેવી શકયતા ઓછી રહેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીવખત આવા પ્રકારનો ગુનો આચરશે તો તે બાબતે યોગ્ય તે કડક શરત કરી શકાય તેમ છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 તથા Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના અરજદાર /આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

- હાલના અરજદાર/આરોપી ઉમેશભાઈ ઉર્ફે ભગી કાળાભાઈ બામરોટીયા, રહે.આંબળાસા, તા.તાલાળા, જી.ગીર સોમનાથવાળાની જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૮૩૩/ ૨૫, બી.એન.એસ.ની કલમ-૩૦૮(૫) ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ (એન)(એસ), ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ ૪૦(એ), ૪૨(એ), ૪૨(ડી), ૪૨(ઈ)(એન)(એસ)મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

- અરજદાર/આરોપી ઉમેશભાઈ ઉર્ફે ભગી કાળાભાઈ બામરોટીયા, રહે. આંબળાસા, તા.તાલાળા, જી.ગીર સોમનાથનાઓને જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૮૩૩/ ૨૫, બી.એન.એસ.ની કલમ-૩૦૮(૫) ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ (એન)(એસ), ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ ૪૦(એ), ૪૨(એ), ૪૨(ડી), ૪૨(ઈ)(એન)(એસ)મુજબના ગુનાના કામે રૂ.૨૫,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો નીચેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**શરતો :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ-લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ નીચેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની નીચેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુકત થયાના દિન–૭ (સાત)માં નીચેની અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૫. અરજદાર/આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન નીચેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ હકુમત ધરાવતા પોલિસ સ્ટેશનને કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)